Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

# ગુજરાતમાં દહેજ પ્રથાનું દૂષણ

રાઠોડ હિના રાજેન્દ્રસિંહ*

**પ્રસ્તાવના**

૨૧મી સદીમાં પ્રવેશ કર્યાને બે દાયકા કરતાં વધુ સમય વીતી ચૂક્યો છેપરંતુ આજે પણ સમાજના કેટલાક હિસ્સામાં ૧૮મી સદી જેવી દહેજના દૂષણની સમસ્યા યથાવત્ છે. દહેજ પ્રથા એ ઘણાં લાંબા સમયથી આપણાં સમાજમાં ફેલાયેલ દૂષણ છે દહેજ પ્રથા એવી હોય છે કે જેમાં કન્યાના પરિવારને લગ્ન પહેલા વરના પરિવારને કેટલોક સામાન કે પૈસા આપવા પડે છે. લગ્ન બાદ પણ કેટલાક પરિવાર વધારે દહેજ માંગતા હોય છે. જો ના આપવામાં આવે તો, પતિ અને તેનો પરિવાર મહિલા પર અત્યાચાર કરે છે અને અમુક વખત તેને મારી નાંખવામાં આવે છે. જ્યારે કેટલાક કિસ્સાઓમાં પતિ અને સાસરિયાના ત્રાસથી પીડિત પરિણિતા આપઘાત કરી લેતી હોય છે. એ જણાવતા ખુબજ દુખ થાય છે કે આજના આધુનિક સમજા પણ આ દૂષણ એજ માત્રામાં ફેલાયેલ છે આજે પુરા એશિયા ખંડમાં ૧૧ કરોડ 70 લાખ સ્ત્રીઓ 'ગુમ' છે. આ સ્ત્રીઓ ગર્ભપાત, કુપોષણ કે ઉપેક્ષાને કારણે બાળપણમાં જ મૃત્યુ પામી છે. દુનિયામાં અમુક લોક સમુદાય, સૈકાઓથી પુત્રી કરતા પુત્રને વધારે પસંદ કરે છે. તેના ઘણાં ગેરસમજણભર્યા કારણો છે. જેમકે, એવી માન્યતા છે કે આર્થિક જવાબદારી પુત્રી કરતા પુત્ર વધારે સારી રીતે પૂરી કરે છે ઘડપણમાં પુત્ર જ સારી રીતે સંભાળ રાખી શકે છે. અંતિમ સંસ્કાર પુત્ર દ્વારા જ થવા જોઈએ કે પછી વંશનું નામ આગળ વધારવા માટે પુત્ર જ જોઈએ વગેરે. અમુક સમુદાયમાં દહેજ પ્રથાનું દૂષણ એટલું બધું હોય છે કે ત્યાં પુત્રીને આર્થિક બોજારૂપ માનવામાં આવે છે. આપણને એમ લાગે છે કે કન્યા ભૃણ-હત્યા, કન્યા બાળ-હત્યા, જાતીય હિંસા અને કન્યા વ્યાપાર જેવા ધૃણાસ્પદ કાર્યોમાં આપણી કોઈ ભૂમિકા નથી પણ કન્યાઓ અને સ્ત્રીઓને નીચલી કક્ષાનું જીવન આપવામાં અજાણતા આપણો ફાળો નોંધાય છે. આ બધા લાક્ષણિક કારણોને લીધે ધરતી પરની અર્ધી માનવ-જાતિ પરાધીન પણે પોતાનું જીવન જીવી રહી છે.

ચાવીરૂપ શબ્દો: દહેજ, દૂષણ, પ્રથા, હત્યા, આપઘાત

**પ્રસ્તૃતિ**

આજના આધુનિક યુગમાં પણ કહેવાતા ભદ્ર સમાજમાં હજી પણ દહેજનું દૂષણ દેખાઈ રહ્યું છે ત્યારે સાસરિયાઓ દહેજ માટે પરિણીતાઓ ઉપર ત્રાસ ગુજારવાની અનેક ઘટના બનતી

Saarth
E-Journal of Research
ISSN NO: 2395-339X
રહે છે. ગુજરાતની ગણના દેશના વિકસિત રાજ્યમાં થાય છે પરંતુ સ્ત્રીને દહેજના દૂષણ સામે રક્ષણ આપવામાં હજુ પણ ઘણું પાછળ છે. ગુજરાતમાં છેલ્લા ૩ વર્ષમાં ૯૦ મહિલાઓએ દહેજના દૂષણથી પરેશાન થઇને જીવન ટૂંકાવ્યું છે દહેજ પ્રથાના કારણે સુરતમાં સૌથી વધુ53 મહિલાઓએ પોતાનું જીવન ટૂંકાવ્યું છે જ્યારે બીજા નંબરે અમદાવાદમાં આવી 49 ઘટનાઓ નોંધાઈ છે. આ સિવાય દહેજ પ્રથાના કારણે સુરેન્દ્રનગરમાં 26, બનાસકાંઠામાં 11, પાટણમાં 4, મોરબીમાં 8, વડોદરામાં 6 અને મહેસાણામાં 7 મહિલાઓએ આપઘાત કર્યા હોવાની નોંધ પોલીસ ચોપડામાં લેવાઈ છે.

“એક બાળક, એક શિક્ષક, એક પુસ્તક અને એક કલમ આ દુનિયામાં બદલાવ લાવી શકે છે.”– મલાલા યુસફઝા

વર્ષ ૨૦૦૮ માં ભણતર અધૂરું છોડવા વાળા બાળકોમાં ૬૨ ટકા કન્યાઓ હતી. છોકરીઓને ઘરકામમાં મદદ કરવા માટે, પરણાવી દેવા માટે કે પછી માસિકના સમય દરમ્યાન સ્કૂલમાં જરૂરી સુવિધાઓ ન મળવાને કારણે ભણતર અધૂરું છોડવું પડે છે ગ્રામીણ વિસ્તારોમાં જ્યાં શાળાઓ ઘણા દૂરના વિસ્તારમાં હોય છે, જ્યાં છોકરીઓને લાંબે ચાલીને જવું પડતું હોય છે ત્યારે માં-બાપ પુરુષોની કનડગતથી બચાવવા, છોકરીઓને ભણતર અધુરેથી છોડાવી દે છે. **સમાજ આ દુષણને કેવી રીતે કાઢી શકશે ?**

“જગત આત્મારૂપ માનવામાં આવે... તો જ આ સંસારમાં રહેવું યોગ્ય છે. બીજી રીતે નહીં.”- શ્રીમદ રાજચંદ્ર, વચનામૃત પત્રાંક ૩૦૧

**અમલમાં મુકો - સમાન હક્ક આપવાના મૈત્રી ભર્યા પ્રયાસ:**

આપણી માનસિકતામાંથી સ્ત્રી – પુરુષનાં લિંગભેદ દૂર કરીને સમાજનાં હિત માટે જરૂરી છે કે સ્ત્રી – પુરૂષનાં કાર્યની ચોક્કસ ભૂમિકામાં ભેદ ન પાડવા સ્ત્રી અને પુરૂષ બંને બધી જ રીતનાં કાર્યો સમાન રીતે પૂર્ણ કરી શકે છે (સિવાય કે બાળકને જન્મ આપવો). સ્ત્રીઓ પણ શારીરિક રીતે મુશ્કેલ કાર્ય કરવામાં સમર્થ છે તે જ રીતે પુરુષો પણ રસોઈકળામાં નિપુણ હોય છે. બધા જ કાર્યના અભ્યાસથી નિપૂણતા આવે છે. સ્ત્રીઓને આજીવિકા માટે કામ કરવા માટે પ્રોત્સાહન આપો. જેનાથી ઘરમાં વધારાની આવક આવશે ‘પિતા’ અથવા ‘પતિ’ પરથી એટલો બોજો ઓછો કરશે. તેના કારણે પુરૂષ પોતાના કુટુંબ સાથે વધારે સમય ગાળી શકશે, તેમની સાથે ગાઢ સંબંધ કેળવી શકશે અને તેમના આધ્યાત્મિક વિકાસમાં વધુ આપી શકશે.

Saarth E-Journal of Research

ISSN NO: 2395-339X

- બીબાંઢાળ પ્રથાઓને પડકાર આપીએ; જેમ કે

1. છોકરાને ગુલાબી કપડાં ન પહેરાય
2. છોકરી તરીકે બધી જ રમત ન રમાય.
3. લાગણીશીલ ન બનશું, તું છોકરી છે?
4. તું તો છોકરા જેવી મજબૂત છે

**તમે તમારા બાળકો માટે લિંગ- ભેદની પ્રથા કઈ રીતે તોડી શકો ?**

- તટસ્થતાથી સંબોધન કરવું. આપણી માનસિકતા છે કે, સામાન્ય રીતે વાતચીતમાં 'તે' નો વપરાશ વધારે કરીએ છીએ.એમ કહેવાય છે કે, "પુરુષ સામાજિક પ્રાણી છે. તે બીજાનાં સહવાસમાં વધારે ખીલે છે". તેની જગ્યાએ બોલીએ કે માણસ/માનવ સામાજિક પ્રાણી છે અને તેઓ બીજાનાં સહવાસમાં વધારે ખીલે છે.
- બાળ ઉછેરમાં પિતાના કાર્યને પણ મહત્વ આપો. એક અભ્યાસ પ્રમાણે બાળકનાં સામાજિક અને ભાવનાત્મક વિકાસમાં બંને માતા – પિતાની ભાગીદારી ખૂબ જ મહત્વનો ભાગ ભજવે છે.
- એમને પ્રોત્સાહન આપો કે આ વિવિધતા ઉજવે અને પોતાનાં શરીરને પ્રેમ કરે અને ખાસ તો પોતાનાં શરીરની ટીકા, ખાસ કરીને બાળકોનો સામે, કરવાથી તો ખૂબ જ દૂર રહે. પોતે કેવા દેખાય છે એનાં કરતાં એમને પોતાની જાત સાથે પ્રેમ કરતાં શીખવાડો. આ રીતે તેઓ પોતાનું સ્વઆંકલન પોતાનાં શરીર સાથે નહીં કરે અને સમજશે કે માનવશરીર ઘણી જાતનાં આકાર, પ્રકાર, અને માપનાં હોય છે.
- તમારાં બાળકનો ઉછેર એવી રીતે કરવો કે એ બીજા છોકરાંની મજાક એ માટે ના ઉડાવે કે એને ગુલાબી રંગ ગમે છે. ડિઝનીનાં રાજકુમારીઓનાં ચલચિત્ર જોવાનું ગમે છે, એને છોકરીઓ જેને ગાડીઓ કે છોકરાઓ જેવી રમત ગમતી હોય તો, અને એમને ખૂબ-ખૂબ પુસ્તકો આપો તેમનાં મનની અને વિચારવાની ક્ષિતીજ ને ખૂબ ખૂબ વિસ્તારો
- નાની બાલિકાઓને એમનાં સ્વપનાં જોવા આપો, એમને પ્રોત્સાહિત કરો એમનાં સ્વપનાં પુરા કરવામાં અને એમને પુરતો સહારો આપો
- નાની બાલિકાઓને શીખવાડો કે એમનો અવાજ અને વિચારો કેવા જરૂરી છે. નાની ઉંમરે સફળ થનારી બીજી બાલિકાઓની જીવનકથા એમને સંભળાવો અને પ્રોત્સાહિત

Saarth
E-Journal of Research

ISSN NO: 2395-339X

કરો. એમને માનતાં શીખવાડો કે તેઓ માત્ર સુંદર ચહેરાઓ જ નથી. 'બુધ્ધિમાન' ,'સર્જનાત્મક' , 'વિચારશીલ' , અને 'પ્રતિભાશાળી' – આવા શબ્દોનો ઉપયોગ વારંવાર એમની સામે કરો, 'સુંદર' 'મીઠાશભરી' અને 'સોહામણી' એના કરતાં તો વધારે જ.

- બીજા માટે વિચારવા, લાગણી સભર અને તેજસ્વી એવી રીતે એનો ઉછેર કરો જેનું સ્વતંત્ર અસ્તિત્વ હોય. નાના બાળકોને પોતાને સ્વતંત્રતાથી વ્યક્ત કરવાનું શીખવાડો. એમને પોતાની લાગણીઓને બંધ કરવાની જરૂર નથી, અને ગંભીર ચહેરો પણ ઓઢવાની જરૂર નથી.
- એક એવી પેઢીનો ઉછેર કરીએ જે એમ ના કહે કે "મારા પિતા મને પ્રેમ કરે છે, માત્ર એ કહી શકતા નથી". આ લાગણીની દિવાલ તોડીને એક દાખલો બેસાડો.
- અયોગ્ય લિંગ બાબતોમાં એમને પુછો કે "જો આવું જ એમની સાથે, એમનાં મા-બાપ સાથે કે કુંટુંબ સાથે થાય તો કેવું લાગશે?"
- સામાન્ય કાર્ય જે મહિલાઓએ અને પુરુષોએ ઘરમાં કરવાનું હોય તેની યાદી બનાવો. અને પછી "મહિલા" અને "પુરૂષ" છેકી નાખો. તમારા પુત્ર અને પુત્રીનો ઉછેર એવી રીતે કરો કે બધાં જ કામ કરી શકે. તમારા પુત્રને રાંધતા અને સફાઈ કરતાં શીખવાડો. તમારી પુત્રીને વસ્તુઓની મરમ્મત કરતાં અને રસ્તા પરથી બરફ સાફ કરતાં શીખવાડો અને હિસાબ કિતાબ રાખતાં શીખવાડો. આ બહુ મહત્વનું છે કે આપણે બધા આત્મનિર્ભર બનીએ અને બીજાઓ પર નિર્ભર થવાનું ઓછું કરીએ.

## સંદર્ભ સૂચિ

1. https://www.satyaday.com/rajkot-in-laws-harass-wife-for-bringing-rs-3-lakh-dowry-case/

2. https://gujaratexclusive.in/178-gujarat-dowry-deaths-reported/

3.https://dadajinivato.wordpress.com/2016/09/08/%E0%AA%AC%E0%AB%8D%E0%AA%B0%E0%AA%BE%E0%AA%B9%E0%AB%8D%E0%AA%AE%E0%AA%A3-%E0%AA%88%E0%AA%A4%E0%AA%BF%E0%AA%B9%E0%AA%BE%E0%AA%B8/

Saarth
E-Journal of Research

**ISSN NO: 2395-339X**

4. https://www.rajsaubhag.org/paving-the-path-to-gender-equality

5.https://www.gujaratsamachar.com/news/madhya-gujarat/more-than-women-committed-suicide

6. https://www.satyaday.com/rajkot-in-laws-harass-wife-for-bringing-rs-3-lakh-dowry-case/